પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૨૫૧ | ૨૩ નવેમ્બર, ૨૦૧૯, શનિવાર; કારતક વદ - ૧૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# ઉદ્ધવ ઠાકરે મહારાષ્ટ્રના મુખ્યમંત્રી બનશે

**મહારાષ્ટ્રમાં નવી સરકાર બનવાનું નિશ્ચિત : કોંગ્રેસ-શિવસેના-એનસીપી વચ્ચે બેઠકોનો દૌર સમાપ્ત, મહાવિકાસ આઘાડી સરકાર રચાશે**

**ઉદ્ધવ ઠાકરેએ પોતાના ધારાસભ્યો સાથે બેઠક કરી-ભાજપ સાથે છેડો ફાડવાના કારણો આપી કહ્યું ભાજપે કહ્યું કંઇ અને વર્તન કર્યુ કંઇ**



મુંબઇ,તા.૨૧

રાષ્ટ્રપતિ શાસન હેઠળના મહારાષ્ટ્રમાં નવી ત્રિપક્ષિય ગઠબંધન વાળી નવી સરકારનું પિંડ બંધાઇ ચૂક્યું છે. અને શિવસેનાના સુપ્રિમો ઉદ્ધવ ઠાકરેના મુખ્યમંત્રીપદ હેઠળ એનસીપી અને કોંગ્રેસની મહાવિકાસ અઘાડી સરકાર બનવા જઇ રહી છે. આવતીકાલે શનિવારે ત્રણેય પક્ષના નેતાઓ રાજ્યપાલ ભગતસિંહ કોશ્યારીને મળીને નવી સરકાર રચવા માટે જરૂરી તમામ બંધારણીય પ્રક્રિયા પૂર્ણ કરી હોવાના પૂરાવા આપીને તેમને સરકાર રચવાનું આમંત્રણ આપે તેવી વિનંતી કરે તેમ સૂત્રોએ જણાવ્યું હતું.

સૂત્રોએ કહ્યુ કે નવી દિલ્હીમાં નવી સરકારના પિંડને આકાર આપ્યા બાદ હવે તેને કાર્યરત કરવાની રાજિય પ્રક્રિયા માટે તખ્તો મુંબઇ ખસેડાયો છે. કોંગ્રેસનના અહમદ પટેલ સહિતના નેતાઓ આજે મુંબઇ પહોંચ્યા હતા. જ્યાં તેઓ એનસીપીને સાથે રાખીને શિવસેનાની સાથે નવી સરકારમાં સત્તાની વહેંચણીને આખરી ઓપ આપીને રાજ્યપાલને મળવા માટેનો સમય માંગવામાં આવશે. સંભવતઃ ત્રણેય પક્ષોના નેતાઓ આવતીકાલ શનિવારે રાજ્યપાલને મળે તેમ છે. જો કે સમયનો સમગ્ર આધાર રાજભવન અને દિલ્હી પર છે.

દરમ્યાન, શિવસેનાના નેતા ઉદ્ધવ ઠાકરેએ આજે પોતાના પક્ષના ધારાસભ્યો સાથે બેઠક યોજીને ૨૫ વર્ષ જૂના ભાજપ સાથે કેમ દૂર થવુ પડ્યું તેના માહિતી અને કારણો આપીને એનસીપી અને કોંગ્રેસ સાથે મળીને કેમ સરકાર રચવા જઇ રહ્યાં છીએ તેનાથી માહિતગાર કર્યા હોવાનું સૂત્રોએ કહ્યું હતું.

બેઠકમાં ઉદ્ધવ ઠાકરેએ કહ્યું, 'તમારે સમજવું પડશે કે અમે અમારા ૨૫ વર્ષ જુના મિત્રનો સાથ કેમ છોડી દીધો, તે અમારી

● અનુસંધાન પાન-૭ પર

## ભાજપ સિંહાસન આપશે તો પણ સાથે નહીં જ જઇએ



નવી દિલ્હી,તા. ૨૨

શિવ સેનાના નેતા સંજય રાવતે આજે કહ્યુ હતુ કે મહારાષ્ટ્રમાં એનસીપી અને કોંગ્રેસ તેમજ શિવ સેનાની ગઠબંધન સરકાર રાજ્યમાં પાંચ વર્ષ શાસન કરનાર છે. તેમણે કહ્યુ હતુ કે પાંચ વર્ષ સુધી શિવ સેનાના જ મુખ્યપ્રધાન રહેનાર છે. આજે પત્રકાર દ્વારા પુછવામાં આવતા પ્રશ્નના જવાબમાં તેમણે કહ્યુ હતુ કે ભાજપ સાથે સંબંધ રાખવા માટે પાર્ટી તૈયાર નથી. શિવ સેનાના નેતાએ કહ્યુ હતુ કે શિવ સેનાને હવે ભગવાન ઈન્દ્રનુ સિંહાસન પણ આપવામાં આવે તો તે સ્વીકાર કરશે નહીં. રાવતે કહ્યુ હતુ કે આજે ગઠબંધનને લઈને મહત્વપૂર્ણ બેઠક થઇ ચુકી છે. મહારાષ્ટ્રમાં પ્રજાની ઈચ્છા છે કે શિવ સેનાના પ્રમુખ ઉદ્ધવ ઠાકરે રાજ્યના મુખ્યપ્રધાન બને. એનસીપી નેતા નવાજ મલિકે કહ્યુ છે કે દિલ્હીમાં સહમતિ થઇ ચુકી છે. રાવતે આજે કહ્યુ હતુ કે મહારાષ્ટ્રમાં આગામી પાંચ વર્ષ સુધી શિવ સેનાના જ મુખ્યપ્રધાન રહેનાર છે.

# રેલવેના ખાનગીકરણની કોઇ યોજના નથી

**યાત્રીઓને વધુને વધુ સારી સુવિધા આપવા ખાનગી કંપની પાસેથી કોમર્શિયલ-ઓનબોર્ડ સેવાઓની આઉટસોર્સિંગ : રેલવે ભારત અને ભારતીયોની સંપત્તિ છે : ગોયેલ**



નવીદિલ્હી, તા. ૨૨

રેલવેના ખાનગીકરણની ચર્ચાઓ વચ્ચે રેલવેમંત્રી પીયુષ ગોયેલે આજે મોટુ નિવેદન કર્યુ હતું. તેમણે કહ્યું હતુ કે, રેલવે ભારત અને ભારતીયોની સંપત્તિ છે અને આગળ પણ રહેશે. ગોયેલે કહ્યું હતું કે, રેલવેના ખાનગીકરણની શક્યતા રહેલી નથી. સરકાર રેલવેના ખાનગીકરણ કરવાની કોઇ યોજના ધરાવતી નથી. બલ્કે યાત્રીઓને વધુ સારી સુવિધા ઉપલબ્ધ કરાવવા માટે ખાનગી કંપનીઓ પાસેથી કોમર્શિયલ અને ઓનબોર્ડ સેવાઓના આઉટ સોર્સિંગ કરી રહી છે. રાજ્યસભામાં પ્રશ્ન કલાક દરમિયાન પ્રશ્નોના જવાબમાં તેમણે કહ્યું હતું કે, રેલવેને ચલાવવા માટે આગામી ૧૨ વર્ષમાં રેલવેને ચલાવવા માટે અંદાજિત ૫૦ લાખ કરોડ

● અનુસંધાન પાન-૭ પર

## ન્યુઝ ટ્રેક

### ઓવૈસી વિરૂદ્ધ કેસ દાખલ

હૈદરાબાદમાં સેદાબાદ પોલીસે એઆઈએમઆઈએમના નેતા અને વિધાન સભ્ય અકબરુદ્દિન ઓવૈસી વિરૂદ્ધ કેસ દાખલ કર્યો છે. તેઓ પર ૨૩મી જુલાઈએ કરીમનાર વિસ્તારમાં એક જનસભામાં ભડકાઉ ભાષણ આપ્યુ હોવાનો આક્ષેપ છે.

### ટીઆરએસના ધારાસભ્યને રાહત

તેલંગાણા હાઈકોર્ટે ટીઆરએસના ધારાસભ્ય રમેશ ચિન્નમનેની નાગરિકતા રદ કરવાના નિર્ણય પર રોક લગાવી દીધી છે. કેન્દ્રિય ગૃહ મંત્રાલયે ટીઆરએસના વિધાયકની નાગરિકતા રદ કરી દીધી હતી. બેવડી નાગરિકતા મુદ્દે ગૃહ મંત્રાલયે આ નિર્ણય લીધો હતો.

# ઐતિહાસિક ડે-નાઈટ ટેસ્ટના પ્રથમ દિવસે જ બાંગ્લા ૧૦૬માં ખખડ્યુ

**ઇશાંત, ઉમેશ અને સામીના તરખાટ સામે બાંગ્લા ધરાશાયી : ઇશાંત શર્માએ ૧૨ વર્ષના ગાળા બાદ ઘરઆંગણે પાંચ વિકેટ ઝડપી : ડે-નાઇટ ટેસ્ટ મેચમાં ૧૨મી વખત કોઇ ટીમ ૧૫૦થી ઓછા સ્કોરે ઓલઆઉટ**

કોલકત્તા, તા. ૨૨

કોલકાતાના ઐતિહાસિક



ઈડન ગાર્ડન ખાતે ઐતિહાસિક પ્રથમ ડેનાઈટ ટેસ્ટ આજે અતિરોમાંચક વાતાવરણમાં શરૂ થઈ હતી. ટોચની હસ્તીઓ પણ આ મેચ જોવા માટે ઉપસ્થિત રહી હતી. આ ટેસ્ટ મેચને યાદગાર બનાવવા મેચ પહેલા જ તમામ તૈયારીઓ કરવામાં આવી હતી. ધારણા પ્રમાણે જ આ મેચની રોમાંચક શરૂઆત થઈ હતી. બાંગ્લાદેશે ટોસ જીતીને આ ઐતિહાસિક ટેસ્ટ મેચમાં પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય કર્યો હતો પરંતુ તેને આ નિર્ણય ખુબ ભારે પડ્યો હતો. બાંગ્લાદેશની ટીમ માત્ર ૧૦૬ રન કરીને ઓલઆઉટ થઈ ગઈ હતી. બાંગ્લાદેશની ટીમ ૩૦.૩ ઓવર સુધી જ ભારતીય બોલરો સામે ટકી શકી હતી.

ભારત તરફથી તમામ બોલરોએ જોરદાર બોલિંગ કરી હતી પરંતુ ઈશાંત શર્માએ તરખાટ મચાવ્યો હતો. ઈશાંત શર્માએ ૨૨ રન આપીને પાંચ વિકેટ ઝડપી હતી. આ ટેસ્ટ મેચને લઈને પહેલાથી જ રોમાંચકતા પ્રવર્તી રહી હતી.

ઈશાંત શર્માએ ૧૦મી વખત ઈનિંગ્સમાં પાંચ અથવા વધુ વિકેટ લેવાની સિદ્ધિ મેળવી હતી જ્યારે સ્થાનિક મેદાન પર ઈશાંત શર્માએ પાંચ વિકેટ લેવાની સિદ્ધિ ૧૨ વર્ષ બાદ હાંસલ કરી હતી. ઈશાંત શર્માએ વર્ષ ૨૦૦૭માં પાકિસ્તાનની સામે બેંગ્લોરમાં રમાયેલી ટેસ્ટ મેચની પ્રથમ ઈનિંગ્સમાં ૧૧૮ રન આપીને પાંચ વિકેટ ઝડપી હતી.

## વ્યાજ દર ઘટવાથી પેન્શનરોને ૫૮૪૫ રૂપિયાનુ નુકસાન

નવી દિલ્હી,તા. ૨૨

દેશમાં વ્યાજદરમાં ઘટાડાનો દોર ચાલી રહ્યો છે. ત્યારે પેન્શનરોને મોટો ફટકો પડી રહ્યો છે. રિઝર્વ બેંકે હાલના વર્ષોમાં આર્થિક સુસ્તીની સ્થિતી વચ્ચે ગ્રોથને વધારી દેવા માટે વ્યાજદરમાં સતત ઘટાડો કર્યો છે. રિઝર્વ બેંકે ગ્રોથને વધારી દેવા માટે સતત પાંચ વખત રિપો રેટમાં ઘટાડો કર્યો છે. વ્યાજદર ઘટી જવાના કારણે પ્રાઈવેટ ફાઈનલ કન્ઝમ્પશન એક્સપેન્ડેચરમાં ૦.૩ ટકા સુધીનો ઘટાડો થઈ ચુક્યો છે. ફેબ્રુઆરી મહિના બાદથી મોટા ભાગની બેંકોએ ડિપોઝિટ પર ૬.૭૫ ટકાના દરે વ્યાજ મળી રહ્યો છે. સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના એક નવા અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે પેન્શનરોને વ્યાજદરમાં ઘટાડો કરવાના કારણે સરેરાશ ૫૮૪૫ રૂપિયાનુ નુકસાન થઈ રહ્યુ છે.

## કુમાર મંગલમ બિરલાને બે લાખ કરોડ રૂપિયાનો ફટકો

**વોડા-આઇડિયાની ખરાબ હાલતથી ભારે નુકસાન : ૨૦૧૭ બાદથી હજુ સુધી બિરલાની સંપત્તિ એક તૃતિયાંશ ઘટી**

નવીદિલ્હી, તા. ૨૨

વોડા ગ્રુપની ખરાબ આર્થિક સ્થિતિના કારણે તેના બીજા સૌથી મોટા મૂડીરોકાણકાર કુમાર મંગલમ બિરલાની નાણાંકીય સ્થિતિ ઉપર પણ થઈ છે. પ્રાપ્ત માહિતી મુજબ વોડાફોન-આઈડિયાની ખરાબ હાલતથી કુમાર મંગલમ બિરલાને બે લાખ કરોડ રૂપિયાનો ફટકો પડી ચુક્યો છે. બિરલાને છેલ્લા નાણાંકીય વર્ષમાં બ્રિટિશ ટેલિકોમ કંપની વોડાફોનની સાથે હાથ મિલાવ્યા બાદથી ભારે નુકસાન થયું છે. વર્ષ ૨૦૧૭ના છેલ્લા ગાળાથી હજુ સુધી તેની સંપત્તિ એક તૃતિયાંશ ઘટી ગઈ છે. હકીકતમાં બિરલાને આ ફટકો વોડાફોનના વધતા નુકસાન અને દેવાની રકમમાં વધારો થવાથી તેના શેરના ભાવ ગગડી રહ્યા છે. બ્લુમર્ગના અહેવાલ મુજબ કેમિકલ્સ, મેટલ્સ અને સિમેન્ટ સેક્ટરની બિરલાની મુખ્ય કંપનીઓ પણ મંદીના દોરમાંથી પસાર થઈ રહી છે.

યુરોપ હવે આપના બજેટમાં

The Europe Carnival

ONLY FOR ₹99,999 + GST

દેશોઃ બુડાપેસ્ટ, વિએના, પ્રાગ, સેસ્કી ક્રમલોવ, સ્લોવેકિયા

સમાવેશઃ એર ટિકિટ, વિઝા, સાઇટસીઇંગ, ૪ સ્ટાર હોટેલ સ્ટે, બ્રેકફાસ્ટ અને ડિનર

નહીં કોઈ એક્સ્ટ્રા કિંમત છુપા ખર્ચ | ૧૦૦% પારદર્શિતા જેન્યુન પેકેજ

તા. ૨૪-૧૧-૨૦૧૯ રવિવાર

એચ ટી પારેખ હોલ, એ.એમ.એ. આઈ.આઈ.એમ. રોડ, અમદાવાદ

સવારે ૧૦ થી ૧૨ કોમ્પ્લિમેન્ટ્રી લન્ચ | બપોરે ૨ થી ૪ કોમ્પ્લિમેન્ટ્રી હાઈ ટી

R K VACATIONS PVT. LTD.

રજીસ્ટ્રેશન માટે કોલ કરોઃ +91 955 84 955 84

SCAN TO REGISTER

# જમ્મુ-કાશ્મીરમાં હિંસા બાદ ધમકીવાળા પોસ્ટરોથી ભય

**શ્રીનગરના માર્ગો પર જોરદાર સન્નાટો છવાયો : બુધવારના દિવસે લુંટફાટ તેમજ હિંસા બાદથી હવે સુરક્ષા વ્યવસ્થા મજબુત કરી દેવાઇ**

નવીદિલ્હી, તા. ૨૨

જમ્મુ કાશ્મીરના શ્રીનનગર અને કાશ્મીરના વિસ્તારોમાં



બુધવારની રાત્રે હિંસા અને ચેતવણી ભરેલા પોસ્ટર્સ નજરે પડ્યા બાદ ગઈકાલે ગુરૂવારના દિવસે સમગ્ર દિવસ દરમિયાન દુકાનો અને વેપારી પેઢીઓ બંધ રહી હતી. આજે શુક્રવારના દિવસે પણ બજારોમાં જોરદાર સન્નાટો રહ્યો હતો. પરિવહન વ્યવસ્થા ઠપ થયેલી છે. રાજ્ય માર્ગ પરિવહન નિગમની બસો પણ ઓછી દેખાઇ રહી છે. બુધવારની રાત્રે કેટલાક અસામાજિક તત્વોએ હિંસા ફેલાવી હતી. કેટલીક ગાડીઓને આગ ચાંપી દીધી હતી. અધિકારીઓએ કહ્યુ છે કે કેટલાક વિસ્તારોમાં બંધની હાકલ કરવામાં આવી ચુકી છે. છેલ્લા કેટલાક દિવસથી દુકાનો સવારમાં દુકાનો ખોલી રહ્યા હતા. જો કે ચેતવણી બાદ ફરી એકવાર સન્નાટો જોવા મળી રહ્યો છે. ખીણમાં શહેર અને અન્ય જગ્યાએ જાહેર પરિવહનના સાધન પણ ઓછા દેખાયા હતા. જો કે કેટલાક ઓટો રિક્ષા નજરે પડ્યા હતા. શહેરોની વચ્ચે ચાલનાર કેબ નજરે પડી હતી. અત્રે નોંધનીય છે કે રાજ્યમાં આટિકલ ૩૭૦ને દુર કરવામાં આવ્યા બાદ ૧૦૭ દિવસ થઇ ગયા છે.

Intraday Free Brokerage
In CASH-F&O-OPTION with 50 Times Limit.
Free D'Mat with "0" Balance Bank A/C
Call-99747 03401

## શિવસેના કોર્પોરેટર કિશોરી પેડનેકર મુંબઇના નવા મેયર બન્યા

મુંબઇ,તા.૨૧

શિવસેનાની કોર્પોરેટર કિશોરી પેડનેકર મુંબઈના નવા મેયર તરીકે ચૂંટાયા છે. આ સાથે જ ડેપ્યુટી મેયર પદ માટે શિવસેનાના સુહાસ વાડેકરની પસંદગી કરવામાં આવી છે. કિશોરી પેડનેકર આગામી અઢી વર્ષ સુધી મ્સ્ઝ ના મેયર રહેશે. ૨૨૭ બેઠકોવાળી મ્સ્ઝમાં કિશોરી પેડનેકરની ચૂંટણી બિનહરીફ હતી.

મેયર બન્યા પછી કિશોરે કહ્યું કે મુંબઈના રસ્તા ઉપરના ખાડાઓને ખતમ કરવા તે તેની પ્રાથમિકતા હશે. આ સાથે, કિશોરનું એમ પણ કહેવું છે કે શિક્ષણ, આરોગ્ય અને લોકોને શુધ્ધ પાણી પૂરું પાડવું તેની પ્રાથમિકતામાં શામેલ થશે.

તે જ સમયે, મહારાષ્ટ્રના ઉલ્હાસનગર મ્યુનિસિપલ કોર્પોરેશનમાં મોટો હોબાળો થયો હતો. બહુમતી હોવા છતાં, ઉલ્હાસનગર મહાનગર પાલિકામાં ભાજપના મેયર પદના ઉમેદવારનો પરાજય થયો હતો.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

R K VACATIONS PVT. LTD.
ગોવા 3N- 4D ₹13999
થાઈલેન્ડ 5N- 6D ₹27999
દુબઈ 5N- 6D ₹59999
સિંગાપોર મલેશિયા થાઈલેન્ડ 7N- 8D ₹74999
એર ટીકીટ, હોટલ સ્ટે, બ્રેકફાસ્ટ, ડિનર, એરપોર્ટ ટ્રાન્સફર, સાઈટ સીઈંગ
+91 79 61 61 35 35
+91 79 40 40 35 35